# સાબરકાંઠા, અરવલ્લીમાં આસ્થાપૂર્વક મહાશિવરાત્રિ પર્વની ઉજવણી

## ગ્રામ્ય વિસ્તારોમાં શિવજીની શોભાયાત્રાઓ નિકળી : શિવરાત્રિના મેળાને કોરોનાનું ગ્રહણ : શિવાલયોમાં ઘંટારવ સાથે હરહર મહાદેવના નાદ ગુંજ્યા : શિવાલયો રોશનીથી જગમગી ઉઠ્યા : કોરોનાના ડર વગર ભાંગ પ્રસાદીનું વિતરણ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૧

શંકરોતિ ઈતિ શંકરઃ એટલે કે સર્વનું સદા કલ્યાણ કરે તે શિવ..૨૪ કરોડ દેવતાઓમાં અત્યંત કૃપાપાત્ર દેવ ગણાતા ભગવાન ભોળાનાથની આરાધનાના પર્વ ગણાતા મહાશિવરાત્રિ પર્વની તા.૧૧ના રોજ સાબરકાંઠા, અરવલ્લીના ૨૫૦૦ થી વધુ શિવાલયોમાં આસ્થા સાથે ઉજવણી થઈ. પરોઢથી ભક્તોની હાજરીથી શિવાલયોમાં ઘંટારવ સાથે હરહર મહાદેવના નાદ ગુંજ્યા. સમી સાંજ થતાં ભક્તોએ કોરોનાના ડર વગર ભાંગ પ્રસાદી ગ્રહણ કરી ધન્યતા અનુભવી. મહાશિવરાત્રિમાં શિવ મંદિરોને રોશનીથી શણગારવામાં આવતાં ઝગમગ થઈ ઉઠ્યાં હતાં. શિવરાત્રિ નિમિત્તે રાત્રે ભજન-સંતવાણીના કાર્યક્રમો આયોજીત કરાયા. આ વર્ષે શિવમંદિરોના સાનિધ્યમાં યોજાતા પરંપરાગત મેળાઓને કોરોનાનું ગ્રહણ લાગતાં વેપારીઓ નિરાશ બની ગયા હતા. ટૂંકમાં બંન્ને જિલ્લામાં ગુરૂવારે વાતાવરણ શિવમય બની ગયું હતું. મોડાસા તાલુકાના સરડોઈ સહિતના ગ્રામ્ય વિસ્તારોમાં પરંપરાગત રીતે શિવજીની શોભાયાત્રા નિકાળવામાં આવી હતી.

ભગવાન શિવની આરાધના માટે શ્રાવણ માસ પછી શિવરાત્રિનું ધાર્મિક દ્રષ્ટીએ આગવું મહત્વ રહેલું છે. શિવજીના પ્રાગટ્ય દિવસ શિવરાત્રિના દિવસે ઓમ નમઃ શિવાય પંચાક્ષરી મંત્રના જાપથી અનંતગણું ફળ પ્રાપ્ત થતું હોવાથી શિવભક્તો આસ્થાપૂર્વક મહાશિવરાત્રિ પર્વની ઉજવણી કરી હતી. શિવરાત્રિ મહોત્સવ ઉજવાનારો હોઈ શિવ મંદિરોમાં અગાઉથી જ તૈયારીઓને આખરી ઓપ આપી દેવાયો હતો. જિલ્લામાં શિવરાત્રિ મહોત્સવ નિમિત્તે મંદિરોને રંગરોગાન કરવાથી માંડી રોશનીથી શણગારાતાં શિવ મંદિરો ઝળાંહળાં થઈ ગયાં હતાં. જિલ્લામાં શિવરાત્રિ નિમિત્તે રૂદ્રાભિષેક, જળાભિષેક, ચાર પ્રહર પૂંજા તેમજ શિવ લઘુરૂદ્ર યજ્ઞોનું આયોજન કરવામાં આવ્યું હતું.

વહેલી સવારથી શિવ મંદિરોમાં ભક્તો ઉમટી પડ્યા હતા. કોરોનાની ગાઈડલાઈન અનુસાર મોટાભાગના શિવમંદિરોમાં શિવરાત્રિના વિવિધ કાર્યક્રમોનું આયોજન કરાયું હતું. શિવ ઉપાસનાના અત્યંત પવિત્ર દિવસે ભગવાન ભોળાના ભક્તો ઉપવાસ રાખતા હોવાથી મંદિરોમાં ફળાહારની પણ વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી. ખાસ કરીને શિવ ભક્તો ભાંગના રસિયા હોવાથી શિવ મંદિરોમાં પૂંજા બાદ ભક્તોને ભાંગ પ્રસાદી વિતરણ કરવામાં આવ્યું હતું. બાયડના વર્ષો પુરાણા વૈજનાથ મહાદેવ ખાતે આજે મહાશિવરાત્રિ પર્વમાં અસંખ્ય શિવભક્તો ભગવાન શિવજીના પૂજા અર્ચન માટે ઉમટી પડયા હતા. આ પ્રસંગે ભાંગ તેમજ ફળાહારની પ્રસાદીનો પ્રબંધ કરવામાં આવ્યો હતો. બાયડના ઋણમુક્તેશ્વર, સોમનાથ મહાદેવ, ભુવનેશ્વર મહાદેવ, વાંટડાના ધારેશ્વર મહાદેવ, માલપુરના રક્ષેશ્વર મહાદેવ તથા બેરણાના શિવ મંદિર, ભિલોડાના ભવનાથ મંદિર, વિજયનગરના વિરેશ્વર મહાદેવ, ઝાંઝરીના ગંગેશ્વર મહાદેવ, ઉજળેશ્વરના ઉજળેશ્વર મહાદેવ, રાજેન્દ્રનગરના સોમનાથ મહાદેવ, ચમારપુરના બનેયા મહાદેવ, સાયરા નજીકના ગેબીનાથ, મોડાસાના કાશી વિશ્વનાથ મહાદેવ સહિતના શિવ મંદિરોમાં લાખો શિવ ભક્તોએ ઉપસ્થિત રહી શિવદર્શન તેમજ પૂજાનો લાભ લેતાં વાતાવરણ શિવમય બની ગયું હતું.

## જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં વિતરણ થતા પીવાના પાણીમાં ક્લોરીનેશન ભૂલાયું

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૧

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં ઉનાળાના આરંભે અંતરીયાળ ગ્રામ્ય વિસ્તારોમાં પીવાના પાણીનું સંકટ ઉભા થવાના અણસાર વચ્ચે ગ્રામ્ય વિસ્તારોમાં બોરકૂવાથી નળ દ્વારા વિતરણ થતા પીવાના પાણીનું ક્લોરીનેશન ભૂલાઈ જતાં પાણીજન્ય રોગચાળો ફેલાવવાની દહેશત ઉભી થઈ છે. છેલ્લા કેટલાય સમયથી ગામડાઓમાં પાણીના ક્લોરીનેશનની કામગીરી અદ્ધરતાલ બની જતાં પ્રજાનું આરોગ્ય જોખમાઈ શકે છે.

પ્રજાને પીવાનું શુદ્ધ પાણી મળી રહે તેવા સરકારના પ્રયાસોથી બંન્ને જિલ્લામાં પાણી પુરવઠાની યોજનાઓ કાર્યરત કરવામાં આવતાં મોટાભાગના પ્રજાજનોને શુદ્ધ પાણી મળતું હોવાના દાવા થઈ રહ્યા છે. થોડાક સમય અગાઉ પીવાના પાણીના લેવાયેલા સેમ્પલમાં અરવલ્લી જિલ્લામાં અનેક ગામડાઓનું પાણી પીવા લાયક ન હોવાનું તારણ બહાર આવ્યા પછી હવે ઉનાળાના આરંભે પાણીનાં તળ ઉંડાં જતાં પાણીમાં અશુદ્ધિઓનું પ્રમાણ વધે તે તો સ્વાભાવિક માની શકાય પરંતુ સામાન્ય દિવસોમાં વિતરણ થતા પીવાના પાણીમાં ક્લોરીનેશનની કોઈ દરકાર સ્થાનિક ગ્રામ પંચાયતો દ્વારા લેવામાં આવતી નથી. જેથી હવે ઉનાળામાં પીવાના પાણીની અશુદ્ધિઓના કારણે પાણીજન્ય રોગચાળો ફેલાવવાની દહેશત છે.

પ્રજાજનોને પીવાનું પાણી પુરૂ પાડતા સંપ અને તોતિંગ પાણીની ટાંકીઓમાં ઘણા સમયથી સફાઈ થઈ ન હોવાથી જળમાં અશુદ્ધિઓ વધી છે. મોટાભાગની ગ્રામ પંચાયતોમાં ક્લોરીનેશન કર્યા વગર પાણીનું વિતરણ કરવામાં આવતું હોવાથી કાળઝાળ ગરમીમાં તકેદારી રાખવામાં નહીં આવે તો પાણી જન્ય રોગચાળો હાવિ થવાની સંભાવના છે. સરકારી તંત્ર પ્રજાને નળ વાટે પીવાનું શુદ્ધ પાણી વિતરણ કરવામાં આવતું હોવાના ભલે દાવા કરતું હોય પરંતુ ગામડાઓમાં જઈ સંપ તેમજ પાણીની ટાંકીઓમાં સંગ્રહીત પાણીનાં સેમ્પલ લઈ ચકાસવામાં આવે તો ઘણા લાંબા સમયથી ક્લોરીનેશનના નામે ચાલતા ધુપ્પલનો પર્દાફાશ થાય તેમ છે.

## બાયડમાં રાજકીય અગ્રણીને કોરોના, હોસ્પિટલમાં દાખલ

### બાયડમાં ૩૦થી વધુ શંકાસ્પદ કેસ, પ્રજા કોવિડ ગાઈડલાઈનનો અમલ કરે

બાયડ તા.૧૧

બાયડમાં કોરોના બેકાબુ બન્યો છે કેટલાક વિસ્તારો કન્ટેન્ટમેન્ટ ઝોનમાં ગમે તે ઘડીએ આવી શકે છે ત્યારે બાયડમાં રાજકીય અગ્રણીને કોરોના થતાં હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. સંભવ છે કે કોરોનાનું સંક્રમણ વધુ બેકાબુ બન્યું છે. બાયડમાં નવા ૩૦ થી વધુ શંકાસ્પદ કેસ હોવાની આશંકા છે ત્યારે પ્રજાએ કોવિડ ગાઈડલાઈનનો અમલ કરવો પડશે અન્યથા કોરોનાનું સંક્રમણ ઘર સુધી આવી શકે છે.

બાયડ તાલુકામાં રોગચાળાનું આગમન કોઈપણ કારણોસર તેજ ગતિએ થતું હોય છે. તાલુકામાં આરોગ્ય અધિકારી સહિત મેડીકલ ઓફીસરોની દિવસ-રાત સારી કામગીરી હોવા છતાં લાપરવાહ પ્રજાના કારણે રોગચાળો વધુ બેકાબુ બની જાય છે. કોરોનાનું સંક્રમણ વધતાં આરોગ્ય વિભાગ દ્વારા ઘેર..ઘેર સર્વે હાથ ધરવામાં આવ્યો હતો પરંતુ ચૂંટણી અને ત્યાર પછી લગ્ન સહિતના શુભ અવસરમાં મેળાવડા થતાં કોરોનાનું સંક્રમણ બેકાબુ બની ગયું છે. રાજકીય પક્ષના કેટલાક કાર્યકરો કોરોનાથી સંક્રમિત થયા પછી કોરોનાએ હવે રાજકીય અગ્રણીઓની ખબર લીધી છે. રાજકીય અગ્રણીને કોરોના થતાં સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

## સાબરકાંઠા-અરવલ્લી જિલ્લા પંચાયત, ૧૪ તાલુકા પંચાયતને ૧૭મી એ મળશે નવા સૂકાની

### પ્રમુખ-ઉપપ્રમુખ પદ મેળવવા લોબિંગ શરૂ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૧

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લા પંચાયત અને ૧૪ તાલુકા પંચાયતની મુદત પૂરી થઈ હોવાથી સામાન્ય ચૂંટણી યોજાઈ ગઈ. પરિણામ જાહેર થઈ ગયા છે ત્યારે તા.૧૭ માર્ચે બંન્ને જિલ્લા પંચાયત અને ૧૪ તાલુકા પંચાયતને નવા સૂકાની મળી જશે. જિલ્લા પંચાયત-તાલુકા પંચાયતમાં જીતેલા સદસ્યોની હાજરીમાં અધ્યાસી અધિકારીની ઉપસ્થિતિમાં પ્રમુખ-ઉપપ્રમુખ પદ માટેની ચૂંટણી યોજાશે.

જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત અને નગરપાલિકાઓની ચૂંટણી શાંતિપૂર્વક સંપન્ન થયા પછી રાજ્યના વિકાસ કમિશનર દ્વારા સાબરકાંઠા, અરવલ્લી કલેક્ટરને પ્રમુખ-ઉપપ્રમુખ પદની વરણી માટે સામાન્ય સભા યોજવા જણાવવામાં આવ્યું હતું જે મુજબ બંન્ને જિલ્લાના સમાહર્તા દ્વારા તા.૧૭ માર્ચે સવારે ૧૧-૦૦ કલાકે જિલ્લા પંચાયત પ્રમુખ-ઉપપ્રમુખ અને તાલુકા પંચાયત પ્રમુખ-ઉપપ્રમુખની નિયુક્તિ માટે જિલ્લા વિકાસ અધિકારી દ્વારા અધ્યાસી અધિકારીઓની નિયુક્તિ કરવામાં આવી છે. સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લા પંચાયત ઉપર ભાજપે કબજો મેળવ્યો છે. જ્યારે તમામ ૧૪ તાલુકા પંચાયત ઉપર પણ ભાજપનો ભગવો લહેરાયો છે. પરંતુ બંન્ને જિલ્લા પંચાયત અને ૧૪ તાલુકા પંચાયતમાં પ્રમુખ કોણ બનશે..?? તેને લઈને અનેક અટકળો તેજ થઈ છે.

### પ્રમુખ-ઉપપ્રમુખ પદની ચૂંટણી ક્યાં યોજાશે..

**સાબરકાંઠા-અરવલ્લી જિલ્લા પંચાયત**

બાયડ, ઘનસુરા, મોડાસા, માલપુર, મેઘરજ, ભિલોડા, તલોદ, પ્રાંતિજ, હિંમતનગર, ઈડર, વડાલી, ખેડબ્રહ્મા, પોશીના, વિજયનગર તાલુકા પંચાયત.

## હાય રે કુદરત.. સરડોઈમાં ગલુડીયાને જન્મ જાત અંધાપો..!!

### ૪ મહિના થવા છતાં આંખો ખુલતી નથી

બાયડ, તા.૧૧

ફાંટાબાજ કુદરત માનવીના શરીરમાં ખોડખાંપણ મૂકે તો તેને દૂર કરવા માટે તબીબી સર્જરીનો વિકલ્પ શક્ય બન્યો છે પરંતુ અબોલ પ્રાણીઓમાં જન્મજાત ખોળખાંપણ આવે તો..!! મોડાસા તાલુકાના સરડોઈમાં માદા શ્વાને ૪ થી ૫ ગલૂડીયાને જન્મ આપતાં પ્રાથમિક શાળા નં.૧ નજીકના રહીશો વ્હાલાં લાગે તેવાં ગલૂડીયાં જોઈ હરખાઈ ઉઠ્યા હતા પરંતુ તે પૈકી એક ગલૂડીયું જન્મ જાત અંધાપો લઈને જન્મ્યું હોવાથી દ્રષ્ટી વિહીન ટહેલતા ગલૂડીયાને જોઈ અનેક લોકોના હૃદય દ્રવિ ઉઠ્યાં છે. સ્થાનિક જીવદયા પ્રેમીઓએ ગલૂડીયાનો અંધાપો દૂર કરવા માટે પશુ ચિકિત્સકોની સલાહ મુજબ આંખમાં આઈડ્રોપ નાખી સારવાર આપી હોવા છતાં બંન્ને આંખે ગલૂડીયું જોઈ શકતું ન હોવાથી દ્રષ્ટી વિહીન ગલૂડીયાનું હવે શું..?? તે સવાલ સૌ કોઈને સતાવી રહ્યો છે. જીવદયા પ્રેમીઓ ગલૂડીયાને દ્રષ્ટી અપાવવા માટે મથી રહ્યા છે પરંતુ કોઈ યોગ્ય ગાઈડલાઈન મળતી ન હોવાથી હાલ તો સ્થાનિક રહીશના ત્યાં ગલૂડીયાનો ઉછેર થઈ રહ્યો છે.

રાજ્ય સરકાર દ્વારા અબોલ પ્રાણીઓને ત્વરીત સારવાર મળી રહે તે માટે ૧૯૬૨-એમ્બ્યુલન્સની સેવા શરૂ કરતાં અકસ્માતમાં ઘાયલ થયેલા અનેક મૂંગા પ્રાણીઓને નવજીવન મળ્યું છે. જ્યારે બિમારી સમયે પણ ત્વરીત સેવા મળવા લાગી છે પરંતુ માનવીના વફાદાર શ્વાનની સારવાર માટે અલાયદી કોઈ વ્યવસ્થા કે હોસ્પિટલ ન હોવાથી શ્વાન પ્રેમીઓ હાલાકી અનુભવી રહ્યા છે તેમાંય મહોલ્લા અને શેરીઓમાં રખડતા શ્વાનની દરકાર લેવાય છે પરંતુ જ્યારે કોઈ ખોડખાંપણ સાથે ગલૂડીયું જન્મે ત્યારે શ્વાન પ્રેમીઓની પરીક્ષા થતી હોય છે. તાલુકાના સરડોઈમાં માદા શ્વાને ગલૂડીયાંને જન્મ આપતાં જાણે કે ઘરે દિકરો જન્મ્યો હોય તેવી ખુશાલી ફળીયામાં જોવા મળી. પ્રસૂતા માદા શ્વાનને રોજ દૂધ તેમજ શિરો ખવડાવવામાં આવ્યો. ગલૂડીયાં આંગણામાં ફરતાં થતાં બાળકો પણ તેમને જોઈ હરખાઈ ઉઠતાં હતાં પરંતુ તે પૈકી એક ગલૂડીયાની આંખો ખૂલતી જ ન હોવાથી વિકટ સ્થિતિ ઉભી થઈ. સ્થાનિક જીવદયા પ્રેમીઓએ પશુ ચિકિત્સકોની સલાહ લીધી જેમાં આંખમાં આઈડ્રોપ નાખવા માટે કહેવામાં આવ્યું હતું જેથી આ પ્રયોગ પણ યુવાનોએ અજમાવી આજ નહીં તો કાલ ગલૂડીયાની આંખો ખુલશે તેવી આશા સાથે લાલન પાલન શરૂ કર્યું પરંતુ આજે ૪ મહિના કરતાં પણ વધુ સમય વીતી ગયો હોવા છતાં ગલૂડીયાની આંખો ખુલતી ન હોવાથી રહીશોએ આઘાત અનુભવ્યો છે. કુદરતે આંખોનાં પોપચાંનું નિર્માણ કર્યું છે પરંતુ આંખ ખુલતી જ ન હોવાથી દ્રષ્ટી વિહીન ગલૂડીયું જન્મજાત અંધાપો લઈને તો નથી જન્મ્યું ને..?? તેવા સવાલ યુવાનોના હૃદયને વ્યથિત કરી રહ્યા છે. કાળા માથાના માનવી માટે આંખોની સર્જરી થઈ શકે છે તો પછી ગલૂડીયાને દ્રષ્ટી મળે તે માટે આજના આધુનિક તબીબી યુગમાં કોઈ વિકલ્પ છે ખરો..??

## સાબરકાંઠા, અરવલ્લીના ગરીબ-મધ્યમ વર્ગ માટે ફરસાણ દોહ્યલું બને તેવા દિવસો

### ખાદ્યતેલ-બેસનમાં ભાવ વધારાથી ફરસાણનો ચટાકો મોંઘો પડશે

બાયડ, તા.૧૧

વધતી જતી મોંઘવારીમાં હાલ ઘટાડો થવાની કોઈ શક્યતા દેખાતી નથી. સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં હોળી-ધુળેટીના તહેવાર નજીકમાં છે ત્યારે ખાદ્યતેલ અને બેસનમાં ભાવ વધારો થતાં ફરસાણનો ચટાકો મોંઘો પડી શકે છે. ગરીબ અને મધ્યમ વર્ગ માટે તો ફરસાણ દોહ્યલું બની જાય તે રીતે ખાદ્યતેલ ૫૬ ટકા અને બેસન ૧૨ ટકા મોંઘુ થયું છે. છેલ્લા કેટલાક દિવસોથી કપાસીયા અને પામોલીન તેલના ભાવ ઉંચકાયા છે જેના કારણે ફરસાણના વેપારીઓ ફાફડા, ગાંઠીયા, ખમણ, ભજીયાં, પાપડી, સેવ ભાવ વધારવા માટે મજબૂર બની જાય તેવી સ્થિતિ ઉભી થઈ છે.

પેટ્રોલ-ડીઝલની સાથે ખાદ્યતેલના તેમજ ગેસ સીલીન્ડરના ભાવ આસમાને પહોંચ્યા છે. વધતી જતી મોંઘવારીની સીધી અસર હવે જનજીવન ઉપર થવા લાગી છે. નાસ્તા-ફરસાણના સ્વાદ શોખીનોને હવે જીભના ચટાકા મોંઘવારીમાં જરા પણ ન પોષાય તેવી હાલત છે. છેલ્લા કેટલાક દિવસોથી બેસન અને ખાદ્યતેલમાં ભાવ વધી રહ્યા છે. ફરસાણમાં મુખ્ય બે જરૂરી ચીજવસ્તુઓ મોંઘી થઈ છે. ફરસાણ બનાવવા માટે બેસનનો વધુ ઉપયોગ થતો હોય છે પરંતુ આ વર્ષે ૧ કીલો બેસનનો ભાવ રૂા.૮૮ની સપાટીએ પહોંચ્યો છે. બીજી તરફ કપાસીયા તેલનો ૧ કીલોનો ભાવ વર્ષમાં રૂા.૮૯ થી ઉંચકાઈને રૂા.૧૩૭ સુધી પહોંચી ગયો છે. હોળી-ધુળેટીના તહેવારો નજીકમાં છે તેવા સમયે ફરસાણમાં ઉપયોગી ખાદ્યતેલ અને બેસનના ભાવ વધી જતાં આગામી સમયમાં ફરસાણના ચટાકાને મોંઘવારીનો ધગધગતો ડામ લાગી શકે છે. બંન્ને જિલ્લાની પ્રજા ઘરમાં ફરસાણ બનાવવાની સાથે બહારની નાસ્તા-ફરસાણની લારીઓ ઉપર પણ જીભનો સ્વાદ પોષતી હોવાથી હવે સ્વાદ રસીકો માટે ફરસાણ આરોગવું પણ મોંઘુ બની જાય તે દિવસો હવે દૂર નથી તેમાંય ગરીબ અને મધ્યમ વર્ગ માટે તો ફરસાણનો સ્વાદ દોહ્યલો બને તેવા દિવસો શરૂ થયા છે.

## બાયડ પાલિકાનું સ્વભંડોળ તળીયા ઝાટક, માત્ર બે લાખનું બેલેન્સ

બાયડ, તા.૧૧

બાયડ પાલિકામાં ભાજપનું શાસન આવ્યું છે. આગામી મંગળવારે નવા પ્રમુખ-ઉપપ્રમુખની નિયુક્તિ થવાની છે ત્યારે બાયડ પાલિકાનું સ્વભંડોળ તળીયા ઝાટક થયું છે. માત્ર અંદાજીત રૂા.૨ લાખનું બેલેન્સ હોવાની સંભાવના છે. ત્યારે નવા પ્રમુખ માટે વહીવટ કરવો અઘરો બનશે. જરૂર કરતાં વધુ સ્ટાફની ભરતી થતાં પાલિકાની આર્થિક હાલતને અસર પહોંચ્યાની પણ ગરમા ગરમ ચર્ચાઓએ જોર પકડ્યું છે.

ડ-વર્ગમાં સમાવિષ્ટ બાયડ પાલિકામાં તત્કાલિન શાસકોએ કહેવાય છે કે જરૂર કરતાં વધુ સ્ટાફની આઉટ સોર્સિંગથી ભરતી કરી હતી. ભાજપના અનેક આગેવાનોએ આરોપ લગાવ્યા છે કે બાયડ પાલિકાની સામાન્ય ચૂંટણીને ધ્યાને રાખી ઉમેદવારોની ભરતી કરવામાં આવી પરંતુ દાનત ખોંરી હોવાથી આવા તમામ આગેવાનો અને તેમના ઉમેદવારોનો બાયડ પાલિકાના સામાન્ય ચૂંટણી જંગમાં કારમો પરાજય થયો છે. અત્યારે વિજય-પરાજયમાં પડ્યા વગર બાયડ પાલિકાની આર્થિક હાલત બાબતે વિચારીએ તો બાયડ પાલિકામાં વેરા વસુલાત માત્ર ૩૨ ટકા આવી છે. તે જોતાં રૂા.દોઢ કરોડથી વધુની વેરા વસુલાત બાકી છે. સ્વભંડોળ સમૃદ્ધ હોય તો પાલિકાનો વિકાસ ટનાટન કરી શકાય પરંતુ ભાજપના નવા શાસકો માટે પ્રથમ દિવસથી જ અગ્નિ પરીક્ષા શરૂ થઈ શકે છે કારણ કે બાયડ પાલિકાનું સ્વભંડોળ તળીયા ઝાટક થઈ ગયું છે માત્ર રૂા.૨ લાખનું બેલેન્સ છે.

સર્જનાત્મક અભિગમના મજબૂત પાયા પર અડીખમ
ગાંધીનગર સમાચાર
૩૬મી વર્ષગાંઠ નિમિત્તે હાર્દિક શુભકામના..
શુભેચ્છક..

અરવિંદભાઈ આર. પ્રજાપતિ
કોર્પોરેટર, નગરપાલિકા-બાયડ, વોર્ડ નં.3
પૂર્વ સંગઠન પ્રમુખ : બાયડ શહેર ભાજપ
પૂર્વ પ્રમુખ : નગરપાલિકા, બાયડ
બાયડ, જિ.અરવલ્લી